દર સોમવારે નિયમિત પ્રસિધ્ધ થતું સાપ્તાહિક અખબાર...

# સાબર રીપોર્ટર ન્યૂઝપેપર

સહતંત્રી : શીતલ ઠાકર મો.૯૭૨૭૮ ૬૧૩૬૦

PRGI : GJGUJ/25/A4373

Weekly સાપ્તાહિક ગુજરાતી

રજિસ્ટર્ડ સરનામું : ૮૯૨, મુસ્લિમ વિસ્તાર, મુ.પો.ગંભીરપુરા,તા.ઈડર,જી.સાબરકાંઠા-૩૮૩૪૩૦. તંત્રી : બાદશાહખાન અજબખાન પઠાણ મો.૯૮૯૮૬૯૩૯૮૫

SABAR REPORTER NEWSPAPER - EDITOR : BADSHAHKHAN AJABKHAN PATHAN - WWW.SABARREPORTERNEWSPAPER.IN E-mail : badshahpathan@gmail.com

તા.૨૮-૦૯-૨૦૨૬ સોમવાર । અંક નં.૩૯ । પાના : ૪ । વર્ષ : ૧ । કિંમત રૂા.૨ । વાર્ષિક : ૧૦૦ Date : 28-09-2026 MONDAYI Isseu No. 39 I Page : 4 I Year : 1 I Price : 2 Yearly : Rs. 100

# હિંમતનગરમાં માર્ગ સલામતી જાગૃતિ અર્થે ૨૦૦ બાઇક રાઇડર્સની ભવ્ય રેલી યોજાઇ



‘ સેવા સંકલ્પ’ અને ‘સેવા મેરા યોગદાન’ અભિયાન હેઠળ હેલ્મેટ પહેરીને નાગરિકોને ટ્રાફિક નિયમોના પાલનનો સંદેશ અપાયો :સાબરકાંઠા જિલ્લાના મુખ્યાલય હિંમતનગર ખાતે માર્ગ સલામતી અંગે લોકોમાં જાગૃતિ લાવવાના હેતુથી એક વિશાળ બાઈક રેલીનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ‘સેવા સંકલ્પ અભિયાન’ અને ‘સેવા મેરા યોગદાન’ અંતર્ગત યોજાયેલી આ રેલીમાં પોલીસ વિભાગ સહિત વિવિધ તંત્રના આશરે ૨૦૦ જેટલા બાઈક રાઈડર્સે ઉત્સાહભેર ભાગ લીધો હતો.

મહાનુભાવોએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હિંમતનગર પોલીસ હેડક્વાર્ટર ખાતેથી આ બાઈક રેલીનો પ્રારંભ થયો હતો. સાંસદ શોભનાબેન બારૈયા, કલેક્ટર લલિત નારાયણ સિંઘ સાંદુ, જિલ્લા વિકાસ અધિકારી (DDO) એચ.પી. પટેલ અને જિલ્લા પોલીસ વડા (SP) ડૉ.પાર્થરાજસિંહ ગોહિલ સહિતના ઉચ્ચ અધિકારીઓ અને મહાનુભાવોએ ફ્લેગ ઓફ કરી રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું.

શહેરના મુખ્ય માર્ગો પર ફરીને આપ્યો સંદેશ રેલીમાં જોડાયેલા તમામ રાઈડર્સે ફરજિયાત હેલ્મેટ પહેરીને રોડ સેફ્ટીના નિયમોનું પાલન કર્યું હતું. બાઈક પર ટ્રાફિક જાગૃતિ અંગેના સંદેશા લખેલા પ્લેકાર્ડ્સ લગાવીને વાહનચાલકોને હેલ્મેટ પહેરવા તથા ટ્રાફિકના નિયમોનું અક્ષરશઃ પાલન કરવા અપીલ કરવામાં આવી હતી.

આ રેલી પોલીસ હેડક્વાર્ટરથી શરૂ થઈને બી-ડિવિઝન પોલીસ સ્ટેશન, ટાવર ચોક, ઓવરબ્રિજ, નમસ્તે સર્કલ, અહિંસા સર્કલ, ખેડ-તસિયા રોડ, છાપરીયા ચાર રસ્તા, મોતીપુરા અને ઉમાશંકર રેલવે ઓવરબ્રિજ જેવા શહેરના વિવિધ મુખ્ય વિસ્તારોમાંથી પસાર થઈ હતી.

વિવિધ વિભાગો અને સંગઠનોની સક્રિય ભાગીદારી આ રેલીમાં પોલીસ જવાનો ઉપરાંત TRB, GRD, હોમગાર્ડ, RTO અધિકારીઓ અને કર્મચારીઓ, નગરપાલિકા સ્ટાફ તેમજ શહેર અને તાલુકા ભાજપ સંગઠનના હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા. રેલીનો મુખ્ય આશય સામાન્ય નાગરિકોમાં માર્ગ સુરક્ષા અને ટ્રાફિક શિસ્ત પ્રત્યે જવાબદારીની ભાવોના કેળવવાનો રહ્યો હતો.●

# ખેડબ્રહ્મા તાલુકા પંચાયતના આપના 3 ચૂંટાયેલા સભ્યો કોંગ્રેસમાં જોડાયા આમ આદમી પાર્ટીને મોટો ફટકો




ખેડબ્રહ્મા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના તાલુકા પંચાયતના ૩ ચૂંટાયેલા સભ્યોએ કોંગ્રેસનો હાથ પકડતાં સ્થાનિક રાજકારણમાં મોટો ગરમાવો આવી ગયો છે. આપ પક્ષ છોડીને કોંગ્રેસ પાર્ટીની વિચારધારા અપનાવનાર સભ્યોમાં નીચે મુજબના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છેઃ

૧. નવા-મોટા તાલુકા પંચાયત સીટના દશરથભાઈ રાજાભાઈ

૨. ગાડીયા-સેંબલ તાલુકા પંચાયત સીટના

૩. મિડીબીલી તાલુકા પંચાયત સીટના કપિલાબેન નવજીભાઈ

૪. તાલુકા પંચાયત સીટના વિજેતા અન્ય સદસ્યશ્રીઓ

રૂબરૂ મુલાકાતમાં આ સભ્યોએ જણાવ્યું હતું કે, ×આમ આદમી પાર્ટીના અમારા નેતાશ્રી બિપિનભાઈ ગામેતી સાથે આપ (AAP) માં અન્યાય થતાં તથા ખેડબ્રહ્મા વિધાનસભાના ધારાસભ્યશ્રી ડૉ. તુષારભાઈ ચૌધરી સાહેબની પ્રજાલક્ષી કામગીરીથી પ્રભાવિત થઈને અમોએ કોંગ્રેસ પાર્ટી સાથે જોડાવાનો નિર્ણય કર્યો છે.×

આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી રમણભાઈ સોલંકી, ખેડબ્રહ્મા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમીતભાઈ શર્મા તેમજ હરપાલસીહ વાઘેલા સહીત આગેવાન ઉપસ્થિત રહ્યા હતા. ●

# હિંમતનગર લો કોલેજના વિદ્યાર્થીઓ માટે સાબરડેરી ખાતે શૈક્ષણિક મુલાકાતનું આયોજન લેબર લો અંગે મેળવ્યું વ્યવહારુ જ્ઞાન



હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત લો કોલેજ, હિંમતનગર દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને સૈદ્ધાંતિક જ્ઞાનની સાથે વ્યવહારુ અનુભવ પૂરો પાડવાના હેતુથી એક ખાસ શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. એલ.એલ.બી.ના અભ્યાસક્રમમાં આવતા ‘લેબર લૉ‘ (શ્રમ કાયદાઓ) વિષયના ભાગરૂપે તારીખ ૨૩/૦૯/૨૦૨૬, બુધવારના રોજ વિદ્યાર્થીઓ માટે ઉત્તર ગુજરાતની શિરમોર સમી ‘સાબરડેરી‘ (હિંમતનગર) ની અભ્યાસ મુલાકાત ગોઠવવામાં આવી હતી.

આ શૈક્ષણિક પ્રવાસ દરમિયાન કોલેજના ૪૫ જેટલા કાયદાના વિદ્યાર્થીઓ તથા પ્રોફેસર સહિતના સ્ટાફ પરિવારે ઉત્સાહભેર ભાગ લીધો હતો. મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને સાબરડેરીના વિવિધ વિભાગો જેવા કે પ્રોસેસિંગ પ્લાન્ટ, પેકેજિંગ યુનિટ, ક્વોલિટી કંટ્રોલ અને વહીવટી શાખાની પ્રત્યક્ષ મુલાકાત કરાવવામાં આવી હતી.

ખાસ કરીને ‘લેબર લૉ‘ ના વિષયવસ્તુને ધ્યાનમાં રાખીને ડેરીના માનવ સંસાધન (HR) અને કાયદાકીય વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને ઔદ્યોગિક એકમમાં કામદારોના હિતોનું રક્ષણ, શ્રમ કાયદાઓનું અમલીકરણ, ફેક્ટરી એક્ટ, કામદારોની સુરક્ષા અને કલ્યાણકારી યોજનાઓ તથા ઔદ્યોગિક વિવાદોના નિવારણ અંગેની વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી. કાયદાના વિદ્યાર્થીઓએ ફેક્ટરી પરિસરમાં શ્રમ કાયદાઓનું પ્રત્યક્ષ રીતે કેવી રીતે પાલન થાય છે તે નજીકથી નિહાળ્યું હતું.

સમગ્ર મુલાકાતને સફળ બનાવવામાં લો કોલેજના સ્ટાફ ગણ, ઉત્સાહી વિદ્યાર્થીઓ તેમજ સાબરડેરીના અધિકારીઓ અને કર્મચારીઓનો ખૂબ જ સરાહનીય સાથ-સહકાર સાંપડ્યો હતો. આ વ્યવહારુ અભ્યાસ મુલાકાતથી વિદ્યાર્થીઓને કાયદાના પુસ્તકીય જ્ઞાનને ક્ષેત્રિય અનુભવ સાથે જોડવાની ઉત્તમ તક મળી હતી. મુલાકાતના અંતે કોલેજ પરિવાર દ્વારા સાબરડેરી મેનેજમેન્ટનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

●

# હિંમતનગર નજીક કાળજું કંપાવનારો અકસ્માત

## ગરનાળામાં ડૂબી જવાથી બે આશાસ્પદ યુવકોના કરુણ મોત

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર નજીક કાંકણોલ નેશનલ હાઈવે પર એક અત્યંત કમનસીબ અને વિચિત્ર અકસ્માતની ઘટના સામે આવી છે. હાઈવે પર આવેલા ગરનાળાની પ્રોટેક્શનવોલ સાથે બાઈક અથડાતાં સર્જાયેલી દુર્ઘટનામાં ગરનાળાના ઊંડા પાણીમાં ડૂબી જવાથી બે યુવાનોના કાળમજેર્જદ્ધ મોત નિપજ્યા છે.

મેળે જતાં માર્ગમાં જ કાળ આંબી ગયો

મળતી માહિતી મુજબ, ગામડી ગામનો યુવક પોતાના સાથીદાર સાથે બાઈક પર જાદરના પરંપરાગત મેળામાં મુજબ, ગામડી ગામનો યુવક પોતાના સાથીદાર સાથે બાઈક પર જાદરના પરંપરાગત મેળામાં જવા માટે નીકળ્યો હતો. દરમિયાન હિંમતનગર નજીક કાંકણોલ પાસે નેશનલ હાઈવે પર બાઈક પરનો કાબૂ ગુમાવતાં બાઈક પુરઝડપે ગરનાળાની પ્રોટેક્શન વોલ (સુરક્ષા દીવાલ) સાથે ધડાકાભેર અથડાઈ હતી.

અથડામણ એટલી અતિ ભયાનક હતી કે બાઈકચાલક યુવક ઉછળીને સીધો ગરનાળા નીચે ભરાયેલા ઊંડા પાણીમાં જઈ પડ્યો હતો.

મિત્રને બચાવવા જતાં બીજો યુવક પણ ગરકાવ થયો

ઘટના સમયે સાથે રહેલો અન્ય યુવક મિત્રને પાણીમાં તરફડિયાં મારતો જોઈ તેને બચાવવામાટે તાત્કાલિક ગરનાળા નીચે તરફ દોડી ગયો હતો. પરંતુ, બચાવવાના પ્રયાસ દરમિયાન અચાનક પગ લપસતાં કે સંતુલન ગુમાવતાં તે પણ ઊંડા પાણીમાં ખાબક્યો હતો. વરસાદી પ્રવાહ અને ગરનાળા નીચે કાદવ-પાણી વધુ હોવાથી બંનેમાંથી કોઈ બહાર નીકળી શક્યું નહોતું અને જોતજોતામાં બંને યુવાનો પાણીમાં ડૂબી ગયા હતા.

પોલીસ અને ફાયર બ્રિગેડની કામગીરી

ઘટનાની જાણ થતાં જ હિંમતનગર પોલીસ અને ફાયર ફાઈટરની ટીમ તાબડતોબ ઘટનાસ્થળે દોડી આવી હતી. સ્થાનિકોની મદદથી ફાયર બ્રિગેડની ટીમે ભારે જહેમત બાદ બંને યુવકોના મૃતદેહને પાણીમાંથી બહાર કાઢ્યા હતા. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

તહેવાર અને મેળાના આનંદ વચ્ચે સર્જાયેલા આ કાળમુખા અકસ્માતને પગલે ગામડી ગામ સહિત સમગ્ર પંથકમાં ભારે અરેરાટી સાથે ઘેરા શોકની કાલિમા છવાઈ ગઈ છે. ●

# હરીપુરા ગામની સીમમાં ચારિત્ર્ય અંગે શંકા રાખી પત્નીની હત્યા કરનાર પતિ ગણતરીના કલાકોમાં ગિરફ્તાર



સાબરકાંઠા જિલ્લાના જાદર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવેલા હરીપુરા ગામની સીમમાં ચારિત્ર્ય અંગે વહેમ રાખી પોતાની ૨૬ વર્ષીય પત્નીની હત્યા કરી ફરારથઈ ગયેલા પતિને સાબરકાંઠા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ની ટીમે ગણતરીના કલાકોમાં દાવડ ખાતેથી ઝડપી પાડ્યો છે.

ઘટનાની વિગતઃ

તા. ૨૩/૦૯/૨૦૨૬ ના રોજ હરીપુરા (જાદર) ગામની સીમમાં આવેલા હૈદરભાઈ બાદરપુરાના ખેતરની ઓરડીમાં સોનીબેન રમેશભાઈ પારઘી (ઉ.વ.૨૬) ની લાશ ખાટલામાં ગોદડું ઓઢાડેલી શંકાસ્પદ હાલતમાં મળી આવી હતી. મૃતકના પતિ રમેશભાઈ કેશરાભાઈ પારઘી (રહે. મંડવાલ, તા. કોટડા છાવણી, જી. ઉદેપુર, રાજસ્થાન) ઘટનાસ્થળેથી ગાયબ હતા.

આ બનાવ અંગે મૃતકના ભાઈ મુમાનભાઈ ફોજાભાઈ ગમારે પોતાના બનેવી રમેશભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી કે, બનેવીએ બહેન સોનીબેનના ચારિત્ર્ય પર વહેમ રાખી, માર મારી ગળું દબાવી હત્યા કરી દીધી છે. જેના આધારે જાદર પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૦૩(૧) મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો.

LCB ટીમની કાર્યવાહી અને આરોપીની ધરપકડઃ

ગાંધીનગર વિભાગના નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી વિરેન્દ્રસિંહ યાદવ તથા સાબરકાંઠા પોલીસ અધિક્ષક ડો. પાર્થરાજસિંહ ગોહીલ (IPS) ની સુચનાથી, LCB પો.ઈન્સ. ડી.સી. સાકરીયાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. સ્ટાફની અલગ-અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન અ.હે.કો. ભાવિનકુમાર, જીજ્ઞેશકુમાર અને ચિરાગકુમારને બાતમી મળી હતી કે આરોપી રમેશભાઈ હિંમતનગરથી રિક્ષામાં બેસી દેશોતર તરફ જઈ રહ્યો છે. આ માહિતીના આધારે દાવડ ખાતે વોચ ગોઠવી આરોપી રમેશભાઈ કેશરાભાઈ પારઘી (ઉ.વ. ૩૦) ની અટકાયત કરવામાં આવી હતી.

હત્યા પાછળનું કારણઃ

પોલીસ પૂછપરછ દરમિયાન આરોપી રમેશભાઈએ કબૂલાત કરી હતી કે, ગઈકાલે તા. ૨૨/૦૯/૨૦૨૬ ના રોજ રાત્રે સાતેક વાગ્યા પછી તેણે પત્ની સોનીબેનના ચારિત્ર્ય પર વહેમ રાખીને જમવાનું બનાવવા બાબતે ઝગડો કર્યો હતો. ત્યારબાદ મારઝૂડ કરી, ગળું દબાવીને નીચે પાડી દઈ પત્નીની હત્યા કરી દીધી હતી.

જાદર પોલીસે આરોપી વિરુદ્ધ આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. ●

# હિંમતનગરના કાટવાડમાં લગ્નના છ જ મહિનામાં પરિણીતાનો આપઘાત સાસરીયા સામે દુષ્પ્રેરણનો ગુનો નોંધાયો



પરિવારજનોનો શારીરિક-માનસિક ત્રાસનો આક્ષેપ; પતિ સહિત ૬ સામે ગુનો, પોલીસે ૪ આરોપીઓની અટકાયત કરી

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ગ્રામ્ય વિસ્તારમાં આવેલા કાટવાડ ગામે એક અત્યંત ચોંકાવનારી અને અરેરાટીભરી ઘટના સામે આવી છે. કાટવાડ ગામે રહેતી નવવધૂ (પરિણીતા)એ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. મૃતક પરિણીતાના લગ્નને હજુ માત્ર છ મહિના જેટલો જ ટૂંકો સમયથયો હતો, ત્યારે આ કદમ ઉઠાવતા પીડિત પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે.

ઘટના અંગે મળતી વિગતો અનુસાર, મૃતકના પરિવારજનોએ સાસરીયા પક્ષ પર ગંભીર આક્ષેપો કર્યા છે. પરિવારજનોનું કહેવું છે કે લગ્ન બાદથી જ પરિણીતાને સાસરીયાઓ દ્વારા અવારનવાર શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. આ સતત ત્રાસથી કંટાળીને જ પરિણીતાએ આત્યંતિક પગલું ભર્યું હોવાનો પરિવારજનોએ દાવો કર્યો છે અને તમામ ગુનેગારો સામે કડકમાં કડક કાર્યવાહી થાય એવી માંગ કરી છે.

આ મામલે હિંમતનગર ગ્રામ્ય પોલીસે મૃતકના પતિ, સાસુ, સસરા, , નણંદ, જેઠ અને જેઠાણી સહિત કુલ છ લોકો સામે આત્મહત્યા માટે દુષ્પ્રેરણ (દુષ્પ્રેરણા)નો ગુનો નોંધ્યો છે.

×કાટવાડ ગામની પરિણીતાના આપઘાત પ્રકરણમાં પરિવારજનોની ફરિયાદના આધારે પતિ સહિત સાસરીયા પક્ષના છ લોકો સામે દુષ્પ્રેરણનો ગુનો દાખલ કરવામાંઆવ્યો છે. પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને ચાર આરોપીઓની અટકાયત કરી લીધી છે અને આગળની કાયદેસરની તપાસ ચાલુ છે.×

— એ.કે. પટેલ, ડીવાયએસપી (DySP), હિંમતનગર

પોલીસે હાલ ઝડપાયેલા ચારેય આરોપીઓ સામે કાયદાકીય શિકંજો કસ્યો છે, ●

Owner, Publisher, Editor & Printer : Badshahkhan Ajabkhan Pathan, 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka : Idar, District : Sabarkantha, Gujarat - 383430. Name & Address of Printing Press Print Magic Graphics Milkat No. 2567, Gambhirpura, Taluka : Idar, District : Sabarkantha, Gujarat 383430. Place & Publication 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka : Idar, District : Sabarkantha, Gujarat - 383430.

## ભિલોડા-ઇડર રોડ પર જુમસર પાટિયા પાસે ગમખ્વાર ગમખ્વાર અકસ્માત કારની ટક્કરમાં દંપતીનું કરૂણ મોત



ભિલોડા-ઇડર રોડ પર આવેલ જુમસર પાટિયા નજીક આજે એક અત્યંત ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે આવી રહેલી કારની ટક્કરે રસ્તો ઓળંગી રહેલા દંપતીના સ્થળ પર જ દર્દનાક મોત નીપજ્યા છે.

મળતી વિગતો મુજબ, જુમસર પાટિયા પાસે બસમાંથી ઉતરીને રસ્તો ઓળંગી રહેલા પતિ-પત્નીને એક સફેદ રંગની કારે જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી ભયાનક હતી કે દંપતી રોડ પર ફેંકાઈ ગયું હતું અને ગંભીર ઈજાઓ પહોંચવાના કારણે બંનેનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. અકસ્માત બાદ બેકાબૂ બનેલી કાર રોડની સાઇડમાં આવેલી ઝાડીઓમાં ઘૂસી ગઈ હતી.

અકસ્માતમાં મરણ જનાર દંપતીની ઓળખ મઉ ગામના રહીશ પરમાર મૂળાભાઈ ગોવાભાઈ (ઉંમર વર્ષ ૬૦) અને દીવાબેન મૂળાભાઈ પરમાર (ઉંમર વર્ષ ૫૫) તરીકે થઈ છે.

બનાવની જાણ થતાં જ આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં લોકોના ટોળા ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા. સ્થાનિક લોકો દ્વારા તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવતા, પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને મૃતદેહોને પંચનામું કરી આગળની કાર્યવાહી અર્થે ખસેડી કાયદેસરની તપાસ હાથ ધરી છે. ●

## સાબરકાંઠા SP ડો. પાર્થરાજસિંહ ગોહિલની આગેવાનીમાં પોલીસ ટીમનું પદયાત્રા રૂટ પર સઘન ફૂટ પેટ્રોલિંગ



અંબાજી ખાતે યોજાતા ભાદરવી પૂનમના મહામેળા નિમિત્તે માર્ગો પરથી પસાર થતાં લાખો માઈભક્તો અને પદયાત્રીઓની સુરક્ષા તેમજ સલામતી સુનિશ્ચિત કરવા સાબરકાંઠા જિલ્લા પોલીસ તંત્ર દ્વારા અભૂતપૂર્વ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આ શ્રદ્ધા પર્વ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને યાત્રાળુઓને સરળતા રહે તે હેતુથી સાબરકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક (SP) ડૉ. પાર્થરાજસિંહ ગોહિલ પોતે મેદાનમાં ઉતર્યા હતા.

તા. ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ જિલ્લા પોલીસ વડા ડૉ. પાર્થરાજસિંહ ગોહિલની સીધી આગેવાની અને માર્ગદર્શન હેઠળ લોકલ ક્રાઇમ બ્રાન્ચ (LCB) તથા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)ના કાફલા સાથે ઈડરથી ખેડબ્રહ્મા સુધીના મુખ્ય અંબાજી પદયાત્રા રૂટ પર રાત્રિના સમયે સઘન 'ફૂટ પેટ્રોલિંગ' હાથ ધરવામાં આવ્યું હતું.

સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાની સમીક્ષા

ફૂટ પેટ્રોલિંગ દરમિયાન પોલીસ અધિક્ષક દ્વારા પદયાત્રા માર્ગ પર ટ્રાફિકનું નિયમન, રાત્રિ પ્રકાશ વ્યવસ્થા, સેવા કેમ્પો ખાતેની સુરક્ષા તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનું સ્થળ પર પહોંચીને બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. સ્થાનિક પોલીસ સ્ટેશનો અને કંટ્રોલ રૂમ સાથે સતત સંપર્કમાં રહી માર્ગ પર કોઈપણ પ્રકારની અડચણ વગર પદયાત્રીઓ સલામત રીતે આગળ વધી શકે તે માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

ખેડબ્રહ્મા ખાતે માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી

ઈડરથી શરુ થયેલું આ ફૂટ પેટ્રોલિંગ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન વિસ્તાર અને મુખ્ય માર્ગો પરથી પસાર થઈ ખેડબ્રહ્મા સુધી પહોંચ્યું હતું. જ્યાં એસપી ડૉ. પાર્થરાજસિંહ ગોહિલ તેમજ એલસીબી અને એસઓજીની ટીમે ખેડબ્રહ્મા ખાતે આવેલ અંબિકા માતાજી (નાના અંબાજી)ના ચરણોમાં શીશ નમાવી દર્શનનો લહાવો લીધો હતો અને જિલ્લામાં શાંતિ, સમૃદ્ધિ તેમજ પદયાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થાય તે માટે પ્રાર્થના કરી હતી.

સાબરકાંઠા પોલીસ તંત્ર દ્વારા પદયાત્રીઓને અપીલ કરવામાં આવી છે કે તેઓ નિર્ભય બની પોતાની શ્રદ્ધા યાત્રા પૂર્ણ કરે, તેમજ માર્ગ પર કોઈપણ સહાય કે કટોકટીના સમયે નજીકના પોલીસ પોઈન્ટ અથવા હેલ્પલાઈનનો સંપર્ક કરે. ●

## સાબરકાંઠાઃ હિંમતનગરમાં સ્પા સેન્ટરોની આડમાં ગેરકાયદે પ્રવૃત્તિઓ ધમધમતી હોવાના આક્ષેપ




સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર અને તેની આસપાસના વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી મશરૂમની જેમ ફૂટી નીકળેલા સ્પા સેન્ટરો સામે ગંભીર આક્ષેપો ઊભા થયા છે. વેલનેસ અને મસાજના નામે ચાલતા કેટલાક સ્પા સેન્ટરોની આડમાં ગેરકાયદેસર અને અસામાજિક પ્રવૃત્તિઓ ચાલતી હોવાની સ્થાનિક સ્તરેથી વ્યાપક ફરિયાદો ઉઠી રહી છે, જેને પગલે સાબરકાંઠા પોલીસ તંત્ર દ્વારા આવા સંચાલકો સામે કડક કાર્યવાહી હાથ ધરવાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

કલેક્ટરના જાહેરનામાના ધજાગરા

જિલ્લા કલેક્ટર દ્વારા સ્પા સેન્ટરો અને મસાજ પાર્લરો માટે ખાસ જાહેરનામું બહાર પાડી કેટલાક ચોક્કસ નિયમો અને માર્ગદર્શિકા અમલી બનાવવામાં આવી છે. તેમ છતાં, હિંમતનગર શહેર તેમજ આસપાસના હાઇવે વિસ્તારોમાં આવેલા અનેક સ્પા સેન્ટરોમાં કલેક્ટરના આદેશોનો દેખીતો ભંગ થઈ રહ્યો હોવાના આક્ષેપો સામે આવ્યા છે. નિયમો મુજબ સ્પા સેન્ટરમાં કામ કરતા તમામ કર્મચારીઓની માહિતી અને પોલીસ વેરિફિકેશન (ઓળખ પ્રક્રિયા) સ્થાનિક પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની હોય છે, પરંતુ અનેક સેન્ટરોમાં કર્મચારીઓની ઓળખ છુપાવવામાં આવી રહી છે અથવા તો વેરિફિકેશન પ્રક્રિયામાં ભારે વિલંબ કરવામાં આવી રહ્યો છે.

દેહવ્યાપાર અને નશીલી પ્રવૃત્તિઓ પર કડક નજર

સ્થાનિક રહીશો અને સામાજિક વર્તુળોમાં ચાલી રહેલી ચર્ચા મુજબ, કેટલાક સ્પા સેન્ટરો માત્ર કાગળ પર મસાજ માટે છે, જ્યારે તેની પાછળ દેહવ્યાપાર (જિસ્મ ફરોશી) તેમજ નશીલા પદાર્થોનું સેવન કે વેચાણ જેવી અસામાજિક પ્રવૃત્તિઓ ચાલતી હોવાની આશંકા સેવાઈ રહી છે. કોઈ પણ સંજોગોમાં સ્પાની આડમાં આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ન થાય તે માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા ખાસ આદેશો આપવામાં આવ્યા છે

નિયમોનું પાલન ન કરનારા સ્પા સેન્ટરો પોલીસની રડારમાં

હિંમતનગર શહેર તેમજ આસપાસના પંથકમાં કાર્યરત સ્પા સેન્ટરો હવે સીધા જ પોલીસની રડારમાં આવી ગયા છે. પોલીસ વિભાગ દ્વારા આગામી દિવસોમાં સરપ્રાઇઝ ચેકિંગ અને આકસ્મિક તપાસ (દરોડા) પાડીને કાયદેસરની કાર્યવાહી કરવાનો સ્પષ્ટ સંકેત આપવામાં આવ્યો છે.

જે સ્પા સેન્ટરોમાંઃ

કર્મચારીઓનું પોલીસ વેરિફિકેશન કરાવેલું નહીં હોય,

કલેક્ટરના જાહેરનામા અને નિયમોનું અનુકરણ કરવામાં આવતું નહીં હોય,

અથવા કેમેરા અને ચોક્કસ પ્રવેશ નિયમોનું ભંગ થતું જણાશે,

તેવા સ્પા સેન્ટરોના માલિકો અને સંચાલકો સામે સીઆરપીસી અને સંબંધિત કાયદાઓ હેઠળ ગુનો નોંધીને સીલિંગ સહિતની કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

સ્થાનિકોની માંગઃ ચોક્કસ અને કાયમી ઝુંબેશ ચલાવાય

હિંમતનગર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના નાગરિકોની પણ માંગ છે કે માત્ર કાગળ પર કાર્યવાહી કરવાને બદલે પોલીસ દ્વારા તમામ સ્પા સેન્ટરોમાં ચોક્કસ તપાસ ઝુંબેશ ચલાવવામાં આવે, જેથી વિસ્તારનું શાંતિપૂર્ણ અને સુરક્ષિત વાતાવરણ જળવાઈ રહે. ●

સાબર રીપોર્ટર ન્યુઝપેપર — સમાચાર અને જાહેરખબર માટે સંપર્ક કરો
પોશીના : રાકેશ પંચાલ મો.૯૬૦૧૫૮૩૬૫૨ લાંબડિયા : જયેશ જોષી મો.૯૪૯૯૫૫૩૦૩૦

# સાબરકાંઠાના વધુ ૭ આરોગ્ય કેન્દ્રોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ માટે રાષ્ટ્રકક્ષાનું 'NQAS' પ્રમાણપત્ર

## જિલ્લામાં અત્યાર સુધી કુલ ૧૩૮ આરોગ્ય સંસ્થાઓએ મેળવ્યું National Quality Certification :




સાબરકાંઠા જિલ્લામાં ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોના નાગરિકોને સર્વગ્રાહી, સુરક્ષિત, સુલભ અને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવાના સંકલ્પને વધુ એક રાષ્ટ્રીય સ્તરની સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શક નેતૃત્વ હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા કરવામાં આવી રહેલા સતત ગુણવત્તા સુધારણા, અસરકારક મોનિટરિંગ, ક્લિનિકલ ગવર્નન્સ અને પરિણામલક્ષી આરોગ્ય વ્યવસ્થાપનના પરિણામે જિલ્લાના વધુ ૭ આરોગ્ય કેન્દ્રોએ રાષ્ટ્રકક્ષાનું National Quality Assurance Standards (NQAS) પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યું છે. "સ્વસ્થ સાબરકાંઠા – સ્વસ્થ ગુજરાત – સ્વસ્થ ભારત" ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં જિલ્લાના આરોગ્ય તંત્ર દ્વારા ગુણવત્તા આધારિત આરોગ્ય સેવાઓના વિસ્તરણ માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

જિલ્લાના આત્રોંલીવાસ દોલજી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ ગાડુ, લાલપુર, નેત્રામલી, જાલેટી, વલસાડી અને બહેડીયા આયુષ્માન આરોગ્ય મંદિર દ્વારા દ્વઊિછ૭જી અંતર્ગત નિર્ધારિત ગુણવત્તાના વિવિધ માપદંડોનું સફળતાપૂર્વક પાલન કરી આ રાષ્ટ્રીય પ્રમાણપત્ર પ્રાપ્ત કરવામાં આવ્યું છે.

આ સિદ્ધિ માત્ર પ્રમાણપત્ર સુધી સીમિત નથી, પરંતુ ગ્રામ્ય સ્તરે આરોગ્ય સેવાઓની ગુણવત્તા, સલામતી, અસરકારકતા અને દર્દી-કેન્દ્રિતતા પ્રત્યે સાબરકાંઠા જિલ્લા આરોગ્ય તંત્રની અવિરત પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે.

NQAS મૂલ્યાંકન દરમિયાન આરોગ્ય સંસ્થાઓમાં ક્લિનિકલ ગવર્નન્સ, પેશન્ટસેફટી, ઈન્ફેક્શન પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ, બાયોમેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ, દવાઓ તથા આવશ્યક આરોગ્ય સામગ્રીની ઉપલબ્ધતા, હાઈજીન અને સેનિટેશન, રેકોર્ડ તથા ડોક્યુમેન્ટેશન, ડેટા આધારિત મોનિટરિંગ અને પેશન્ટ સેન્ટ્રિક સર્વિસ ડિલિવરી સહિતના વિવિધ ગુણવત્તા માપદંડોનું સુવ્યવસ્થિત મૂલ્યાંકન કરવામાં આવે છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. રાજ સુતરિયાએ આ સિદ્ધિ અંગે જણાવ્યું હતું કે,

"માર્ગદર્શક નેતૃત્વ, ટીમવર્ક, સતત મોનિટરિંગ અને ગુણવત્તા સુધારણા માટેના સાતત્યપૂર્ણ પ્રયત્નોના પરિણામે સાબરકાંઠા જિલ્લો ગ્રામ્ય આરોગ્ય સેવાઓમાં ગુણવત્તાના નવા માપદંડો સ્થાપિત કરી રહ્યો છે. NQAS પ્રમાણપત્ર એ આરોગ્ય સંસ્થાઓમાં ગુણવત્તા અને દર્દી સલામતી પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાની રાષ્ટ્રીય સ્તરની માન્યતા છે."

સાબરકાંઠા જિલ્લામાં અત્યાર સુધી કુલ ૧૩૮ આરોગ્ય સંસ્થાઓનu National Quality Certification પ્રાપ્ત થયું છે, જેમાં ૧૦૭ આયુષ્માન આરોગ્ય મંદિર, ૨૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC), ૧ સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ અને ૧ અર્બન હેલ્થ સેન્ટરનો સમાવેશ થાય છે.

આરોગ્ય શાખાના જિલ્લા ક્વોલિટી એશ્યોરન્સ મેડિકલ ઓફિસર ડૉ. એ.આઈ. મલેક તથા સંબંધિત તાલુકા આરોગ્ય અધિકારીઓના માર્ગદર્શન અને સતત પ્રયાસો, તેમજ તમામ આરોગ્ય અધિકારીઓ અને કર્મચારીઓની ટીમભાવનાથી આ સિદ્ધિ હાંસલ થઈ છે.

ભારત સરકારના Universal Health Coverage તથા ગુણવત્તાસભર અને સર્વસુલભ આરોગ્ય સેવાઓના રાષ્ટ્રીય ધ્યેયને અનુરૂપ સાબરકાંઠા જિલ્લો પણ ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોના દરેક નાગરિક સુધી સુરક્ષિત, સમાન, સન્માનપૂર્ણ અને ગુણવત્તાસભર આરોગ્ય સેવા પહોંચાડવા માટે પ્રતિબદ્ધ છે. ●

# હિંમતનગર નજીક બેફામ કારે પદયાત્રીઓને કચડ્યા ૧ નું મોત

## પદયાત્રીઓ ૧૧ ઘાયલ, રોષે ભરાયેલા ટોળાએ કાર સળગાવી દીધી



હિંમતનગરના દોલગઢ પાટિયા નજીક એક ગંભીર અકસ્માતની ઘટના સામે આવી છે, જ્યાં પૂરપાટ ઝડપે દોડતી એક બેફામ કારે રસ્તે જતાં હિંમતનગરના દોલગઢ પાટિયા નજીક એક ગંભીર અકસ્માતની ઘટના સામે આવી છે, જ્યાં પૂરપાટ ઝડપે દોડતી એક બેફામ કારે રસ્તે જતાં ૧૨ પદયાત્રીઓને અડફેટે લેતાં ૧ નું મોત પદયાત્રીઓ ૧૧ ઘાયલ થતાં ભારે ચકચાર મચી ગઈ છે. અકસ્માત બાદ ભાગવાનો પ્રયાસ કરી રહેલા કાર ચાલકને સ્થાનિકો અને પદયાત્રીઓએ ઝડપી લીધો હતો. આ ઘટનાને પગલે રોષે ભરાયેલા લોકોના ટોળાએ અકસ્માત સર્જનાર કારને ઘેરીને સ્થળ પર જ આગ ચાંપી દીધી હતી, જેના કારણે કાર ભડકે બળીને ખાખ થઈ ગઈ હતી.

જાહેરનામાના ઉલ્લંઘનથી પદયાત્રીઓમાં ભારે અસંતોષ સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ફોરલેન હાઈવે પર પદયાત્રીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ગતિ મર્યાદા અને વાહન વ્યવહાર અંગે ખાસ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હોવા છતાં, બેફામ દોડતાં વાહનો પર કોઈ અસર જોવા મળતી નથી. વાહનચાલકો દ્વારા જાહેરનામાનો સરેઆમ ભંગ કરીને બેદરકારીપૂર્વક વાહનો હંકારવામાં આવતા હોવાથી સતત અકસ્માતોનો ભય રહે છે, જેના કારણે પદયાત્રીઓ અને સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો અને બળી ગયેલી કાર તેમજ ટ્રાફિકની સ્થિતિને કાબૂમાં લેવાની કામગીરી હાથ ધરી હતી. ઈજાગ્રસ્ત પદયાત્રીઓને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસે અકસ્માત અંગે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.ઓને અડફેટે લેતાં ભારે ચકચાર મચી ગઈ છે. અકસ્માત બાદ ભાગવાનો પ્રયાસ કરી રહેલા કાર ચાલકને સ્થાનિકો અને પદયાત્રીઓએ ઝડપી લીધો હતો. આ ઘટનાને પગલે રોષે ભરાયેલા લોકોના ટોળાએ અકસ્માત સર્જનાર કારને ઘેરીને સ્થળ પર જ આગ ચાંપી દીધી હતી, જેના કારણે કાર ભડકે બળીને ખાખ થઈ ગઈ હતી.

જાહેરનામાના ઉલ્લંઘનથી પદયાત્રીઓમાં ભારે અસંતોષ સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ફોરલેન હાઈવે પર પદયાત્રીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ગતિ મર્યાદા અને વાહન વ્યવહાર અંગે ખાસ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હોવા છતાં, બેફામ દોડતાં વાહનો પર કોઈ અસર જોવા મળતી નથી. વાહનચાલકો દ્વારા જાહેરનામાનો સરેઆમ ભંગ કરીને બેદરકારીપૂર્વક વાહનો હંકારવામાં આવતા હોવાથી સતત અકસ્માતોનો ભય રહે છે, જેના કારણે પદયાત્રીઓ અને સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો અને બળી ગયેલી કાર તેમજ ટ્રાફિકની સ્થિતિને કાબૂમાં લેવાની કામગીરી હાથ ધરી હતી. ઈજાગ્રસ્ત પદયાત્રીઓને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ●

# સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત રોડ એન્ડ બિલ્ડિંગ ડિવિઝન, હિંમતનગર

## તથા સબ-ડિવિઝન, ખેડબ્રહ્મા દ્વારા સ્વચ્છતા અને વૃક્ષારોપણની કામગીરી હાથ ધરાઈ




સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત રોડ એન્ડ બિલ્ડિંગ ડિવિઝન, હિંમતનગર તથા સબ-ડિવિઝન, ખેડબ્રહ્મા દ્વારા સ્વચ્છતા અને વૃક્ષારોપણની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

અભિયાન અંતર્ગત કચેરી પરિસર, આસપાસના રસ્તાઓ, ખુલ્લી જગ્યાઓ તથા કેમ્પસ વિસ્તારમાં સફાઈ કરવામાં આવી હતી. અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સ્વચ્છ અને સુઘડ કાર્યસ્થળ જાળવવાનાસંકલ્પ વ્યક્ત કર્યો હતો.

આ સાથે પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળું પર્યાવરણ જાળવવાના હેતુથી કચેરી પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. વૃક્ષોનું જતન અને સંવર્ધન કરી હરિયાળી વધારવા માટે સૌને પ્રેરિત કરવામાં આવ્યા હતા.

'એક વૃક્ષ, અનેક આશાઓપે... એક સંકલ્પ, હરિયાળું ભવિષ્ય'ના સંદેશ સાથે વૃક્ષારોપણ દ્વારા આવનારી પેઢી માટે શુદ્ધ હવા, છાંયડો અને સ્વચ્છ પર્યાવરણનું નિર્માણ કરવાનો સંકલ્પ લેવાયો હતો.

સ્વચ્છતા સાથે હરિયાળી તરફ એક વધુ પગલું ભરતા 'વૃક્ષ વાવો, વૃક્ષ ઉછેરો, પર્યાવરણબચાવો'નો સંદેશ આપવામાં આવ્યો હતો. ●